# B. J. MEDICAL COLLEGE DEVELOPMENT SOCIETY

CIVIL HOSPITAL CAMPES, AHMEDABAD - 380016. (INDIA)

Trust No. : F/14759/AHMEDABAD
Society No. : GJ/15027/AHMEDABAD

DEAN : 079 - 22681024
OFFICE : 079 - 22680074
FAX : 079 - 22683067
Email : dean.bjmc@hotmail.com


No. : BJMCDS/Casting/244-45/2023 Date : 24/05/2023

### વિષય :– ફર્નિચર તથા અન્ય સામાન સ્થળાંતર કરવા માટેની જાહેર ખબર

અત્રેની સંસ્થાના તબીબી વિદ્યાર્થીઓના હિત ધ્યાને લઈ તેઓના રૂમમાંથી ફર્નિચર તથા અન્ય સામાન સ્થળાંતર કરાવવાની જરૂરીયાત ઉભી થયેલ છે. આથી આ અંગેની સેવાઓ ભાડા અને મજુરી સહિત પુરી પાડતા હોઈ / ડીલરશીપ રજીસ્ટ્રેશન ધરાવતા હોય તો તેવી કંપની/એજન્સીના સ્પર્ધાત્મક ભાવો નીચેના કોષ્ટકની વિગતોએ અને શરતોને આધિન રહીને મંગાવવામાં આવે છે.

| અ.નં. | વિગત | સેવાનો પ્રકાર | ભાવ રૂા. | જી.એસ.ટી. % | કુલ ભાવ રૂા. |
|---|---|---|---|---|---|
| ૧. | દિગ્વિજય લાયન્સ ફાઉન્ડેશન, સીવીલ હોસ્પિટલ, અસારવા, અમદાવાદ ખાતેની બીલ્ડીગમાંથી તિજોરી અને ટેબલ ઉતારવાની મજુરી અને આ ફર્નિચરને ગાડીમાં ચઢાવી જુની ડેન્ટલ હોસ્ટેલ, સીવીલ હોસ્પિલ કેમ્પસ ખાતે ઉતારી, ચઢાવવાની મજુરી તથા ગાડી ભાડું | ફેરાદીઠ મજુરી તથા ગાડી ભાડું | | | |

**શરતો :–**

(૧) કંપની/એજન્સીના ભાવો સીલબંધ કવરમાં સુવાચ્ય અક્ષરોમાં અને કંપનીના લેટરપેડમાં ટાઈપ કરી આપવાના રહેશે. અને કવર ઉપર **ફર્નિચર તથા અન્ય સામાન સ્થળાંતર કરવા** અંગેનું કવોટેશન" તેવુ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

(૨) કંપની / એજન્સીના ભાવ તમામ ટેક્ષ / કરવેરા સહિત ભરવાના રહેશે અને સૌથી ન્યુન્તમ ભાવ હશે તેવા ભાવ કમિટી મારફતે મંજુર કરવાપાત્ર થશે.

(૪) કમિટી મારફતે મંજુર કરેલ ભાવો પ્રમાણે જ અને કામગીરીના આદેશ મુજબ સંતોષકારક રીતે પુરી પાડેલ સેવાઓના બીલો ચાલુ નાણાંકીય વર્ષમાં મોકલવાના રહેશે.અને અત્રેની કચેરીને બીલ મળ્યા બાદ દિન–૧૫ સુધીમાં ચુકવણાં કરવામાં આવશે.

(૫) સેવાઓની ગુણવત્તા ડીનશ્રીની કચેરી હસ્તકની કમિટી નકકી કરશે. અને માંગણી મુજબ હશે તો જથ્થો ચલણથી સ્વીકારવામાં આવશે.

(૬) કંપની/એજન્સીના ભાવો મેમ્બર સેક્રેટરીશ્રી, બી.જે.મેડીકલ કોલેજ ડેવલોપમેન્ટ સોસાયટી, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ–૩૮૦૦૧૬ ખાતે પહોંચાડવાના રહેશે. ટ્રાન્સપોર્ટ / ટ્રેન મારફતે મોકલાવેલ ચીજવસ્તુઓનું ભાડુ અત્રેથી ચુકવવામાં આવશે નહી.

(૭) ચેકચાકવાળા, ઓવરરાઈટીગવાળા તથા સીલબંધ કવરમાં ન હોઈ તેવા તેમજ નિયત સમય કરતા મોડા આવેલ ભાવો ગણતરીમાં લેવામાં આવશે નહી અને રદ કરવામાં આવશે. અને જે અંગેની કોઈપણ પ્રકારની જાણ અત્રેની કચેરીએથી કરવામાં આવશે નહી.

(૮) દિગ્વિજય લાયન્સ ફાઉન્ડેશન ખાતેથી ફર્નિચરને ગાડીમાં ચઢાવી આ અંગેનો ગેટ પાસ અધિકૃત અધિકારી/કર્મચારી પાસેથી મેળવવાનો રહેશે. અને એ ગેટપાસ જુની ડેન્ટલ હોસ્ટેલ, સીવીલ હોસ્પિલ કેમ્પસ ખાતે રજુ કરી ફર્નિચરના જથ્થાને સહી સલામત રીતે અધિકૃત અધિકારી/કર્મચારીની હાજરીમાં જે જગ્યા મુકવા માટે સુચના આપે તે જગ્યાએ મુકવાનું રહેશે.

(૯) ફર્નિચરને સ્થળાતર કામગીરી દરમ્યાન અત્રેની સંસ્થાના કોઈપણ ફર્નિચરને નુકશાન થશે અથવા તુટી જશે અગર ગુમ થશે તો તેટલા જથ્થાને પ્રવર્તમાન માર્કેટ રેટ પ્રમાણે કંપની / એજન્સીના બીલની રકમમાંથી કપાત કરી વસુલવામાં આવશે.

(૧૦) ઉકત દર્શાવેલ જાહેર ખબર અને સેવાઓની કામગીરીના તમામ હક્ક/નિર્ણય અત્રેની કચેરીના ડીનશ્રીને આધિન રહેશે.

ઉપરોક્ત છાપકામ કામગીરીના ભાવો તા. ૨૯/૦૫/૨૦૨૩ ને સાંજના ૫–૦૦ કલાક સુધીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે. સમય મર્યાદા બાદ રૂબરૂ કે ટપાલ મારફતે મળેલ કવોટેશન સ્વીકારવામાં આવશે નહી.

મેમ્બર સેક્રેટરી
બી. જે. મેડીકલ કોલેજ ડેવલોપમેન્ટ સોસાયટી,
અમદાવાદ

સ્થળ :– અમદાવાદ
તા. ૨૪/૦૫/૨૦૨૩

કોલેજ વેબસાઈટ અને કોલેજ નોટીસ બોર્ડ